રાંયણીયા દૂધ મંડળીમાં સાબરડેરીના સંયુક્ત ઉપક્રમે ઝોનલ મીટીંગ યોજાઈ

સૌથી વધુ દૂધ ભરાવતા પશુપાલકોનું સન્માન, કોરોનાથી મૃત્યુ પામેલા ૩ સેક્રેટરીના પરિવારોને રૂા.૧.૫૦ લાખની સહાય

બાયડ / મેઘરજ (બ્યુરો ઓફિસ) તા.૧૦

મેઘરજ તાલુકાના રાંયણીયા ગામની ધી દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી અને સાબરડેરીના સંયુક્ત ઉપક્રમે ઝોનલ-મહિલા મીટીંગ તાજેતરમાં યોજાઈ ગઈ જેમાં અમૂલ ફેડરેશનના ચેરમેન અને સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ તેમજ અન્ય ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં સૌથી વધુ દૂધ ભરાવતા પશુપાલકોનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે કોરોના કાળમાં મૃત્યુ પામેલા ૩ દૂધ મંડળીના સેક્રેટરીના પરિવારજનોને રૂા.૧.૫૦ લાખની સહાય આપવામાં આવી હતી. ઝોનલ મીટીંગમાં મહિલાઓની સવિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાની રાંયણીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં તા.૯ના રોજ ઝોનલ મીટીંગ અને મહિલા મીટીંગનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમૂલ ફેડરેશન, સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, ડીરેક્ટર કાન્તિભાઈ પટેલ, સચિનભાઈ પટેલ, ભીખુસિંહ પરમાર, જેસીંગભાઈ પટેલ વગેરેએ ઉપસ્થિત રહી દૂધ મંડળીના વિકાસમાં શું કરવું જોઈએ તે અંગે ઉપસ્થિત દૂધ ઉત્પાદકોને માહિતી આપી હતી. જ્યારે મેઘરજ તાલુકામાં કોરોનાના કારણે મૃત્યુ પામેલા ૩ સેક્રેટરીના પરિવારજનોને રૂા.૫૦,૦૦૦ના સહાયના ચેક ચેરમેન અને વાઈસ ચેરમેન જયંતિભાઈ પટેલના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વધારે દૂધ ભરાવતા પશુપાલકોને પણ ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. સ્થાનિક ડેરી અને સાબરડેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી મીટીંગમાં ઉપસ્થિત દૂધ મંડળીઓના ચેરમેનોનું સન્માન મંડળીના ચેરમેન મણીભાઈ પાંડોર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર મીટીંગનું આયોજન સાબરડેરીના ડેપ્યુટી મેનેજર ડા.જે. કે. પટેલ તેમજ સંચાલન સાબરડેરી શામળાજીના એમ.પી.ઓ. ઈન્ચાર્જ હેમંતભાઈ પટેલ, ડા.એન.એ.પટેલ તેમજ સુપરવાઈઝરો દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈડરીયાગઢ પર ગણપતિ આકારે પથ્થરોની કુદરતી ગોઠવણ : ફોટા સાથે મેસેજ વાયરલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

આસ્થાપૂર્વક દૂંદાળા દેવની આરાધના માટે ગણેશ મહોત્સવનો પ્રારંભ થતાં સોશ્યલ મીડીયામાં ગણેશને લગતા મેસેજનો ધોધ વરસી રહ્યો છે ત્યારે સાબરકાંઠાના પ્રસિદ્ધ ઈડરીયાગઢ પર ગણપતિ આકારે પથ્થરોની કુદરતી ગોઠવણનો ફોટા સાથેનો મેસેજ સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં ગણેશ ભક્તોની આસ્થામાં વધારો થયો છે. પથ્થરોની ગોઠવણ જ કુદરતની હાજરી આપવા માટે સક્ષમ છે તેવું શ્રદ્ધાળુઓ બોલી રહ્યા છે.



રીંગણમાં ઓમની આકૃતિ, બટાકામાં ગણપતિ દાદાના દર્શન થવા સહિતની ચમત્કૃતિઓ અવાર નવાર સોશ્યલ મીડીયામાં આકર્ષણ ફેલાવતી હોય છે. ગણપતિ મહોત્સવના આરંભ સાથે સોશ્યલ મીડીયામાં ગણેશ ભક્તોના માહોલ પ્રથમ દિવસથી છવાયો છે. વિઘ્નહર્તા ગણપતિના અનેક સ્વરૂપ શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યા છે ત્યારે ઈડરીયાગઢ ઉપર વિશાળકાય પથ્થરો કુદરતી રીતે જ ભગવાન ગણેશની આકૃતિરૂપ ગોઠવાયેલા છે. પ્રથમ નજરે કોઈનીય નજરે ગણેશની આકૃતિ પડે તેમ નથી પરંતુ કોઈ જાણકાર દ્વારા આ પથ્થરોની ગોઠવણનો ફોટો સોશ્યલ મીડીયામાં ફરતો કરવામાં આવતાં પથ્થરમાં ગણેશનું સ્વરૂપ દેખાવવું તે આશ્ચર્યરૂપ બન્યું છે. ગઢના પથ્થરોમાં કુદરતની કલાકારીના દર્શન જોઈ સૌ કોઈ તેને કુદરત હજુ પણ હાજર હોવાની નિશાની માની રહ્યા છે.

જન્મદિને વધામણી

દેવર્ષ ચાફ્રિકકુમાર પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી

આરવ કાર્તિકકુમાર ભાવાણી
વજેપુરાકંપા, તા.બાયડ

કબીરહૂસેન ઈમરાનભાઈ લુહાર
સાઠંબા, તા.બાયડ

કુંજ ડી. શાહ
(યમુનાકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

ભાસ્કરભાઈ શાહ
વડાગામ, તા.ધનસુરા

મિતેષભાઈ પટેલ
(ડાયરેક્ટર : નવજીવન હોસ્પિટલ-બાયડ)
રડોદરા(બાયડ)

નિકેશ વાળંદ, પત્રકાર
મોડાસા, જિ.અરવલ્લી

પાલનપુરમાં ગણેશ ચતુર્થીની ઉજવણી

ઘરે ઘરે ગણપતિજીની માટીની મૂર્તિનું સ્થાપન

પાલનપુર, તા. ૧૦

વિઘ્નહર્તા દુંદાળાદેવ અને તમામ હિન્દુ શાસ્ત્ર ની પૂજામાં સૌથી પહેલું સ્થાન મળ્યું છે એવા શ્રી ગણેશજીની આજે ગણેશ ચતુર્થી ના રોજ પાલનપુર સહિત સમગ્ર દેશભરમાં ધામધૂમથી ગણપતિ બાપા મોરિયા પુઢચ્યા વર્ષી લવકર યા ના ગગનભેદી નારા સાથે તમામ સ્થળોએ ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ગાંધીનગર સમાચાર બનાસકાંઠા બ્યુરો ચીફ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ ડાયરેક્ટર ગણપતભાઈ જોશી ના નિવાસ્થાને આજે માટીના ગણેશજીની મૂર્તિ લાવી સ્થાપન કરાયું હતું. શ્રી ગણેશજીની આરતી ઉતારી પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું તેમના પરિવારજનો અને અગ્રણી હોય ગણેશજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર શહેરના લક્ષ્મણ ટેકરી ગુરુનાનક ચોક આબુ હાઈવે હનુમાન ટેકરી કોલેજ કમ્પાઉન્ડ કમાલપુરા સહિત અનેક સ્થળોએ કોરોના મહામારી ના બે વર્ષ બાદ સરકારી અને સ્વૈચ્છિક ર્ઝ્ઝ્ઝ્ર્ના નિયમો પાળી વર્તમાન સમયે બે વર્ષ બાદ કોરોના ની સરકારી ગાઈડલાઈન મુજબ ગણેશજીની સ્થાપના આજે કરવામાં આવી છે. જો કે રાજ્ય સરકાર દ્વારા કોરોના ની બીજી લહેર બાદ આવેલ હિંદુ ધર્મના વિવિધ ધાર્મિક તહેવારોની સંદર્ભે કોરોના એસ ઓ પી ગાઈડલાઈન મુજબ ધાર્મિક તહેવારોની ઉજવણી કરવા પરવાનગી આપતા પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. આજથી શહેરમાં ઘરે-ઘરે અને ચાર સ્થળોએ ગણેશ વંદના ગણેશજીની આરતી સાથે ધાર્મિક કાર્યક્રમો ની રમઝટ જામશે.

સાઠંબાનું ગૌરવ : ગુજરાત પ્રદેશ ભાજપના એસ.સી. મોરચામાં સભ્ય તરીકે નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

બાયડ તાલુકાના સાઠંબાના મુકેશ રાઠોડની ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના એસ.સી. મોરચામાં પ્રદેશ કારોબારી સભ્ય તરીકે નિયુક્તિ થતાં આનંદ છવાયો છે. પ્રદેશ સંગઠનમાં સ્થાન મળવા બદલ બાયડની તક્ષશિલા વિદ્યાલયના સંચાલક અતુલભાઈ પટેલ તેમજ ભાજપના આગેવાનોએ તેમની નિયુક્તિને વધાવી અભિનંદન પાઠવ્યા છે.

ભાજપ સંગઠનના નેતૃત્વમાં તેજસ્વી પ્રતિભા ધરાવતા યુવકોને સ્થાન આપવામાં આવતાં યુવા નેતૃત્વનો લાભ આગામી ચૂંટણીઓ દરમ્યાન સંગઠનને પૂરેપૂરો મળવાની સંભાવના છે. પક્ષ માટે કામ કરતા યુવકોને સંગઠનમાં મહત્વના હોદ્દાની જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે જેના કારણે ભાજપના યુવા કાર્યકરોમાં ઉત્સાહ વધ્યો છે. તાલુકાના સાઠંબા ગામના મુકેશભાઈ રાઠેડ વર્ષોથી ભાજપમાં સક્રીય રહી એક સમર્પિત કાર્યકર્તા તરીકે તેમની કામગીરી રહી હોવાથી તેની ઉમદા નોંધ લઈ પ્રદેશ સંગઠનમાં તેમને એસ.સી. મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય તરીકે નિયુક્તિ આપવામાં આવતાં મિત્રો તેમજ શુભેચ્છકોમાં હર્ષની લાગણી છવાઈ છે. જ્યારે એસ.સી. મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય તરીકેની તેમની નિયુક્તિ બદલ ભાજપના કાર્યકરોએ તેમજ હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા છે.

ભિલોડા તાલુકાના ધંધાસણ ગામની ધંધાસણ પ્રાથમિક શાળા નંબર-૧ માં શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહભેર યોજાઈ હતી.ધોરણ-૮ ના ૧૬ વિધાર્થીઓએ શિક્ષક દિન નિમિત્તે ભાગ લીધો હતો.આચાર્ય,સ્ટાફ પરિવારે વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ગાંભોઈ પાસે રેલવે અંડરપાસમાં વરસાદી પાણી ભરાતાં વાહનચાલકો પરેશાન

ગાંભોઈ, તા.૦૯

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસેથી પસાર થતી હિંમતનગર-ઉદયપુર(રાજસ્થાન) બ્રોડગેજ રેલવે લાઈન પર સુરજપુરા ગામ પાસે બનાવેલ રેલવે અંડરપાસમાં તાજેતરમાં પડેલ ભારે અઢી ઈંચ વરસાદથી

પાણી ભરાતા ભિલોડા અને ગાંભોઈ જતા માર્ગ પરના વાહનોની અવરજવર દરમિયાન વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. રેલવે તંત્ર દ્વારા બનાવેલ આ અંડરપાસમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે ભૌગોલિક પરિસ્થિતિનો અભ્યાસ કર્યા વગર બનાવેલ આ રેલવે અંડરપાસમાં સામાન્ય વરસાદ પડતા જ વરસાદી પાણી ભરાઈ જાય છે. જેના કારણે રોજિંદા અવર-જવર કરતાં વાહનોને ઊંડા પાણીમાંથી પસાર થવું એક સમસ્યા બની રહી છે. ચોમાસાની ઋતુમાં વારંવાર પાણી ભરાવાના બનાવે આસપાસના સ્થાનિક ગ્રામજનોએ અગાઉ પણ રેલવે તંત્રનું ધ્યાન દોરી આ અંગે યોગ્ય કરવા જણાવેલ પરંતુ આજદિન સુધી આ અંગે કોઈ કાર્યવાહી થયેલ નથી. ભિલોડાથી હિંમતનગર વાયા ગાંભોઈ જતા જિલ્લાના મુખ્ય માર્ગ પર રેલવે લાઈનના ખામીયુક્ત અંડરપાસ બાંધકામના કારણે વાહન વ્યવહાર દરમિયાન વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

પ્રાંતિજ રબારી વાસ પાસે વરસાદી પાણી ભરાયુ

સાબરકાંઠા જિલ્લાને પ્રાંતિજ મા મેઘરાજા એ છેલ્લા બે દિવસ થી કુપા કરતા બે દિવસ મા ચાર ઇંચ વરસાદ ખાબકયો તો રબારીવાસ ખાતે પાણી ભરાતા પાલિકા મા રજુઆત બાદ પણ પાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી હાથ ના ધરાતા રહીશોમાં રોષ. પ્રાંતિજ શેઠ પી એન્ડર આર હાઈસ્કુલ સામે આવેલ રબારી વાસ ખાતે છેલ્લા બે દિવસ થી પડી રહેલ ભારે વરસાદને લઈને આ વિસ્તાર મા પાણી ભરાવાનુ ચાલુ થયુ છે તો પાસે આવેલ ગુજરાતી શાળા નંબર બે સહિત પાછળ આવેલ મેદાન મા પાણી ભરાઈ ગયુ છે અને પાણીનો જવાનો કોઈ નિકાલ ના હોવાથી રબારી સમાજના લોકો ના ઘરો સુધી પાણી પોહચી ગયુ છે તો રબારી સમાજ ના બાળકોને પણ ઘર થી શાળાએ જવા માટે પણ હાલતો પાણીમા થઈ ને બાળકોને જવુ પડે છે અને પાણી ભરાતા મચ્છરજન્ય રોગચાળાએ વધેતો નવાઈ નહી તો આ વિસ્તાર ના રહીશો નુ કહેવુ છે કે વરસાદી પાણી ભરાતા નગરપાલિકા માં જાણ કરવા છતાંય કોઈ આવતુ નથી અને અમે આમારા બાળકો ને પાણી હોવાથી સ્કુલ મા પણ મોકલી શકતા નથી તો મચ્છરજન્ય રોગ નો ભય પણ સતાવે ત્યારે પાલિકા દ્વારા સત્વરે પાણી જવાનો નિકાલ કરવામા આવે તેવી માંગ પણ હાલતો ઉઠવા પામી છે અને જો વધુ વરસાદ પડશે તો પાણી ઘરોમાં ઘુસી જવાનો ભય પણ સતાવે છે

ધનસુરા ચાર રસ્તા ગણેશ યુવક મંડળ દ્વારા ગણેશ ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી ધનસુરા ચાર રસ્તા ગણેશ યુવક મંડળ દ્વારા આ વર્ષે ધનસુરાની લક્ષ્મી પાર્ક સોસાયટીમાં ગણેશ ભગવાનની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું જેમાં જીગરભાઈ, વિમલભાઈ કાછિયા, દેવેન્દ્રભાઈ પટેલ, અક્ષય સોની, હિમાંશુ પુરોહિત, સંદીપ પટેલ અને સમીર કાછિયા સહિતના યુવકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના ઉંછાથી પાવાગઢ પગપાળા સંઘ નીકળ્યો

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઉંછા થી પાવાગઢ પગપાળા સંઘને વાજતે-ગાજતે ગ્રામજનો દ્વારા સંઘને રવાના કરવામા આવ્યો. પ્રાંતિજ તાલુકાના ઉછા ગામેથી પાવાગઢ ખાતે નિકળેલ પગપાળા સંઘ આ વર્ષે પણ માતાજીના રથ સાથે નિકળ્યો હતો અને પગપાળા સંઘને ઉછા ગ્રામજનો દ્વારા દર વર્ષની જેમ આવર્ષે પણ વાજતે ગાજતે ગામના પાદર સુધી રવાના કર્યો હતો તો ઉંછા થી પાવાગઢ જતો સંઘ છેલ્લા દશ વર્ષ થી સંઘ નિકળે છે અને માતાજીના રથ સાથે નિકળેલ આ પગપાળા સંઘ છ દિવસે પાવાગઢ ખાતે પોહચી મહાકાલી માતાના ધામમા શિશજુકાવી ધન્યતા અનુભવશે તો આ પગપાળા સંઘમાં આ વર્ષે ૬૦ જેટલા ધર્મપ્રેમી માય ભકતો પગપાળા સંઘ મા જોડાયા હતા.

નવી શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણમાં લીડરશીપ અને ગવર્નન્સનો ફાળો વિષય પર ગણપત યુનિ. દ્વારા વર્કશોપ

ગણપત વિદ્યાનગર, તા. ૧૦

'નેશનલ એજ્યુકેશન પોલિસી : પબ્લિકલી સ્પિરિટેડ લિડરશીપ એન્ડ ગવર્નન્સ' - વિષય પર ગણપત યુનિ.ના નેજા હેઠળ એક ઓનલાઈન વર્કશોપનું આયોજન થયું હતું.



શિક્ષણ દિનની ઉજવણીના માહોલમાં યોજાઈ ગયેલા આ ઓનલાઈન વર્કશોપમાં શિક્ષા - સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના નેશનલ સેક્રેટરી અતુલભાઈ કોઠારી; સેન્ટ્રલ યુનિવર્સિટી, ગુજરાતના વાઈસ ચાન્સેલર પ્રો. રામાશંકર દુબે, એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ, નવી દિલ્હીના હાયર એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર એમ. નાગરાજન (આઈએએસ); ગણપત યુનિવર્સિટીના પેટ્રન ઈન ચીફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, ગણપત યુનિ.ના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા યુનિ.ના એક્રેડિટેશન અને રેન્કિંગના ડાયરેકર ડૉ. સુબ્રત સાહુ, પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિ રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, ફેકલ્ટી ઓફ એન્જિ. અને ટેકનોલોજીના ડીન ડૉ. કિરણ અમીન સહિત અને વિદ્વાન પ્રાધ્યાપકો, અભ્યાસુ, સંશોધકો, અનેક આચાર્યો અને શિક્ષકો પણ જોડાયા હતા. વર્કશોપના પ્રારંભે ગણપત યુનિ.ના પ્રો. ચાન્સેલર અને ડીજી પ્રો. ડો. મહેન્દ્ર શર્માએ નવી શિક્ષણ નિતિના અસરકારક અમલીકરણમાં જે - તે શિક્ષણ સંસ્થાના ટ્રસ્ટીઝ, બોર્ડઝ, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ... આમ સર્વ 'સ્ટેક હોલ્ડર્સ' ની ભૂમિકામાં મહત્ત્વ સમજાવવા સાથે વર્કશોપના આયોજનનો હેતુ જણાવી સૌ સહભાગીઓનું સ્વાગત કર્યું હતું.

ભિલોડા તાલુકાની યુવા પ્રતિભા શોધ સ્પર્ધા-૨૦૨૧ શ્રીમતી બી.જે. તન્ના ગ્રુપ વિદ્યાલય,ચિબોડા-ખુમાપુરમાં યોજાઈ

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની યુવા પ્રતિભા શોધ સ્પર્ધા-૨૦૨૧ શ્રીમતી બી.જે.તન્ના ગ્રુપ વિદ્યાલય,ચિબોડા-ખુમાપુરમાં યોજાઈ હતી.૧૫૪ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સમારંભ અધ્યક્ષ અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, ઉદ્ધાટક નિવૃત્ત (I.P.S) અધિકારી પી.સી.બરંડા,અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, કૃષિ બેંક, ગુજરાત રાજ્ય વા.ચેરમેન ફલજીભાઈ પટેલ,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિલાલ પટેલ,આદર્શ એજયુકેશન, ટ્રસ્ટ, પ્રમુખ શંકરભાઈ પટેલ,મામલતદાર ઝેડ. વી. પટેલ,

પી.એસ. આઈ એમ.જી. વસાવા, બી.જે. તન્ના ગ્રુપ વિદ્યાલય, ચિબોડા-ખુમાપુર આચાર્ય એન. ડી. પટેલએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. હાઈસ્કુલોના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. યુવા પ્રતિભા શોધ સ્પર્ધા અંતર્ગત અરવલ્લી જીલ્લા કક્ષાએ ભિલોડા તાલુકાની ટીમના સ્પર્ધકોએ ખુબ જ સારો દેખાવ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હાઈસ્કુલના શિક્ષક સતિષભાઈ પ્રજાપતિએ સુંદર રીતે કર્યું હતુ. ચિબોડા - ખુમાપુર હાઈસ્કુલ, પરિવાર દ્વારા સામુહિક ભોજન સમારંભ કર્યો હતો.

ફિંચોડ ગામ અને રાવોલ શાળાનું ગૌરવ

નેત્રામલી: ઈડર તાલુકાના ફિંચોડ ગામના વતની પટેલ હાર્દિક નવિનચંદ્ર જે રાવોલ પ્રાથમિક શાળામાં ફરજ બજાવી રહ્યા છે. જેમને

સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક બહુમાન મેળવીને ફિંચોડ ગામનું ગૌરવ વધારેલ છે. પારિતોષિક મેળવેલ સંપૂર્ણ રાશિ સેવાવસ્તીના બાલદેવો અને પર્યાવરણના જતન સંરક્ષણ માટે સમર્પિત કરી ઉમદા કાર્ય હાથ ધર્યું છે. જે બદલ ગ્રામજનો અને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.